સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 27

[JUNE-JULY - 2020]
[28/06/20 to 04/07/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 5

16 TO 30 JUNE - 2020

ICE®

Click Here To
DOWNLOAD

## CURRENT TOPICS

- ✔ શ્રી કે. કે. વેણુગોપાલની ભારતના એટર્ની જનરલ તરીકે ફરીથી નિમણૂક
- ✔ ભારતમાં બેન્કોમાંથી 1 કરોડના રોકડ ઉપાડ પર 2 ટકા TDS કપાશે
- ✔ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ભારતમાં ગરીબોને વધુ 5 મહિના મફત અનાજ
- ✔ 'કોવેક્સિન' નામની ભારતની પ્રથમ કોરોના વેક્સિનને હ્યુમન ટ્રાયલની મંજૂરી
- ✔ ભારતમાં રૂ. 38,900 કરોડના ખર્ચે 21 મિગ વિમાન સહિત અન્ય સરંજામ ખરીદવા મંજૂરી
- ✔ ભારતીય રેલવે દ્વારા ભારતની અત્યાર સુધીની સૌથી લાંબી 'શેષનાગ ટ્રેન' દોડાવીને વિક્રમ સર્જવામાં આવ્યો


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**28 JUNE, 2020 SUNDAY**

## ➤ ગુજરાત પોલીસ અતિ આધુનિક 'ટેઝર ગન'થી સજ્જ ભારતની પ્રથમ પોલીસ ફોર્સ બની



27 જૂન, 2020ના રોજ ગુજરાતના પોલીસ વડા **શ્રી શિવાનંદ ઝા**એ આપેલી માહિતી અનુસાર **ગુજરાત પોલીસે 25** જેટલી **'ટેઝર ગન'** ખરીદી છે.

- આ સાથે જ ગુજરાત પોલીસ અતિ આધુનિક **'ટેઝર ગન'**થી સજ્જ **ભારતની પ્રથમ પોલીસ ફોર્સ** બની ગઈ છે.
- ગુજરાતમાં VIP તથા VVIPની સુરક્ષા તેમજ કાયદો વ્યવસ્થાની જાળવણી માટે આ ગન વસાવવામાં આવી છે.
- ટેઝર ગન એ હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રીક આંચકો આપતી **'ઈલેક્ટ્રીક શોક ગન'** છે.
- હાલ **અમેરિકા**માં આ ગનનો ઉપયોગ કરવામાં આવે છે.

### ટેઝર ગન શા માટે ઉપયોગી છે ?

ભારતમાં કાયદો વ્યવસ્થાની જાળવણી તથા ગુનેગારોને પકડવા માટે પરંપરાગત રીતે પોલીસ દ્વારા લાઠીચાર્જ અને અશ્રુવાયુનો ઉપયોગ કરવામાં આવે છે.

- જોકે તેમાં નાગરિકો અને ગુનેગારોને ઈજા થતી હોવાથી અન્ય વિકલ્પ તરીકે ગુજરાત પોલીસે ટેઝર ગનની ખરીદી કરી છે.
- ટેઝર ગનથી ટાર્ગેટના શરીરમાં **વીજપ્રવાહનું પરિવહન** થાય છે. આથી થોડીવાર માટે તેના સ્નાયુઓ જકડાઈ જાય છે અને નિષ્ક્રિય બની જાય છે.
- પરિણામે આ ગનની મદદથી ગુનેગારને ઈજા પહોંચાડ્યા વિના જીવતા પકડી શકાય છે.
- આથી, આતંકવાદી તથા રીઢા ગુનેગાર સાથેની અથડામણમાં આ ગનની મદદથી તેમને નિષ્ક્રિય કરી જીવંત હાલતમાં ઈજા કર્યા વિના પકડી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ ગન કઈ રીતે કાર્ય કરે છે ?

ટેઝર ગનની **કારતૂસ**માં રહેલા **ઈલેક્ટ્રીક પ્રોબ**ને **કમ્પ્રેસ્ડ નાઈટ્રોજન**ની મદદથી ફાયર કરવામાં આવે છે.

- આ ઈલેક્ટ્રીક પ્રોબ દ્વારા ટાર્ગેટના શરીરમાં વીજપ્રવાહનું પરિવહન થાય છે.
- આથી તે વ્યક્તિના સ્નાયુઓ થોડીવાર માટે નિષ્ક્રિય થઈ જાય છે.
- આ સ્થિતિમાં તેને ઈજા કર્યા વિના જીવતા જ ઝડપી શકાય છે.
- વળી, ઈલેક્ટ્રીક શોકની અસર ઓછી થતાં એ વ્યક્તિ ફરીથી પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ શ્રી નરહરી અમીન અને શ્રી શક્તિસિંહ ગોહિલ સહિત ચાર ઉમેદવારો ગુજરાતની રાજ્યસભામાં ચૂંટાયા

તાજેતરમાં જૂન 2020 દરમિયાન ગુજરાતમાં કુલ **4 બેઠકો** માટે **રાજ્યસભાની ચૂંટણીનું** આયોજન થયું હતું.

- આ **ચાર બેઠકોમાંથી ત્રણ બેઠકો** પર **ભાજપના** અને **એક બેઠક** પર **કોંગ્રેસના** ઉમેદવારનો વિજય થયો છે.
- જેમાં ભાજપના વિજેતા ઉમેદવારોમાં –
  (1) **શ્રી નરહરી અમીન**
  (2) **શ્રી અભય ભારદ્વાજ અને**
  (3) **સુશ્રી રમીલાબેન બારા**
  નો સમાવેશ થાય છે.
- જ્યારે **શ્રી શક્તિસિંહ ગોહિલ** આ ચૂંટણીમાં **કોંગ્રેસના** વિજેતા ઉમેદવાર છે.
- જોકે, કોંગ્રેસના **શ્રી ભરતસિંહ સોલંકીનો** આ ચૂંટણીમાં પરાજય થયો છે.

### રાજ્યસભા

ભારતીય બંધારણના **અનુચ્છેદ 80** અંતર્ગત **રાજ્યસભાની રચના** અંગે જોગવાઈ કરવામાં આવી છે.

- આ જોગવાઈ અનુસાર ભારતમાં રાજ્યસભાના સભ્યોની **મહત્તમ સંખ્યા 250** સુધી રાખી શકાય છે.
- જોકે, ભારતમાં હાલ રાજ્યસભાના સભ્યોની સંખ્યા 245 છે.
- આ 245 સભ્યોમાંથી 12 સભ્યોની કલા, સાહિત્ય, વિજ્ઞાન, સમાજસેવા જેવા ક્ષેત્રોમાંથી રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- આથી, ભારતમાં હાલ 245-12 = 233 સભ્યો રાજ્યસભામાં ચૂંટાઈને આવે છે.
- જોકે, આ સંખ્યા વધારીને **મહત્તમ 238** સુધી કરી શકાય છે. (238 + 12 રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક = 250 કુલ મહત્તમ સંખ્યા)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં રાજ્યસભાની સભ્ય સંખ્યા

| ક્રમ | વિશેષતા | સંખ્યા |
|---|---|---|
| 1 | કુલ મહત્તમ સભ્ય સંખ્યા | 250 |
| 2 | હાલમાં કુલ સભ્ય સંખ્યા | 245 |
| 3 | રાષ્ટ્રપતિ દ્વારા મહત્તમ નિમણૂક | 12 |
| 4 | હાલમાં રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક | 12 |
| 5 | ચૂંટણી દ્વારા મહત્તમ નિમણૂક | 238 |
| 6 | હાલમાં ચૂંટણી દ્વારા નિમણૂક | 233 |

## રાજ્યસભાની બેઠકોની વહેંચણી

ભારતમાં કયા રાજ્યમાંથી રાજ્યસભાની કેટલી બેઠકો હશે એ નક્કી કરવા માટે **'સમાન પ્રતિનિધિત્વના સિદ્ધાંત'**ને નહિ, પરંતુ **વસતીને આધાર** બનાવવામાં આવ્યો છે.

- એટલે કે ભારતમાં **જે તે રાજ્યની વસતીને આધારે** રાજ્યસભાના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવી છે.
- ભારતમાં હાલ રાજ્યસભામાં સભ્યોની સંખ્યા **1971**ની વસતી ગણતરી આધારિત છે. જેમાં વર્ષ **2026** સુધી કોઈ ફેરફાર થશે નહિ.
- વસતીને આધારે રાજ્યસભામાં સભ્યોની સંખ્યા નીચેની રીતે નક્કી કરવામાં આવી છે :
  (1) દરેક રાજ્યની **પ્રથમ 50 લાખ**ની વસતી સુધી **દર 10 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**
  (2) અને પ્રથમ 50 લાખ બાદ **દર 20 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**
- ભારતીય બંધારણની **ચોથી અનુસૂચિ**માં ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને ફાળવવામાં આવેલી **રાજ્યસભાની બેઠકોની યાદી** આપવામાં આવી છે.
- આ યાદી અનુસાર ભારતમાં રાજ્યસભામાં સૌથી વધુ સભ્યો **ઉત્તરપ્રદેશ**માં **31** છે.
- જ્યારે **ગુજરાત** ઉપરાંત **મધ્યપ્રદેશ** અને **આંધ્રપ્રદેશ**માં પણ રાજ્યસભાના સભ્યોની સંખ્યા **11-11** છે.
- ભારતમાં રાજ્યસભાના **સૌથી વધુ** સભ્યો ધરાવતા **પ્રથમ ત્રણ** રાજ્યો આ પ્રમાણે છે : (1) **ઉત્તરપ્રદેશ** 31, (2) **મહારાષ્ટ્ર** 19, (3) **તમિલનાડુ** 18.
- ભારતના વિવિધ રાજ્યોમાંથી રાજ્યસભાના સભ્યોની **સૌથી ઓછી** સંખ્યા પૂર્વોત્તરના **'સેવન સિસ્ટર્સ'**, તરીકે ઓળખાતા **સાત રાજ્યો** – અરૂણાચલપ્રદેશ, સિક્કિમ, ત્રિપુરા, મેઘાલય, મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડ ઉપરાંત **ગોવા**માં **1-1** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના કેટલાક રાજ્યોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા

| ક્રમ | રાજ્ય | સંખ્યા |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 31 |
| 2 | મહારાષ્ટ્ર | 19 |
| 3 | તમિલનાડુ | 18 |
| 4 | બિહાર, પશ્ચિમ બંગાળ | 16 |
| 5 | કર્ણાટક | 12 |
| 6 | ગુજરાત, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ | 11 |
| – | અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, ત્રિપુરા, મેઘાલય, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, ગોવા | 1 |

## ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા

ભારતના **કેન્દ્ર શાસિત પ્રદેશો**માંથી ભારતમાં હાલ **ફક્ત 3** કેન્દ્ર શાસિત પ્રદેશો **જમ્મુ કાશ્મીર, દિલ્હી અને પુડુચેરી**માં જ રાજ્યસભાની બેઠકો ફાળવવામાં આવી છે.

- **જમ્મુ કાશ્મીર, દિલ્હી અને પુડુચેરી** સિવાયના બાકીના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાલ રાજ્યસભાની **એક પણ બેઠક ફાળવવામાં આવી નથી.**
- ભારતમાં **'7મા બંધારણીય સુધારા 1956'** અનુસાર ભારતમાં કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા **સંસદ** દ્વારા નિશ્ચિત કરવામાં આવેલી પદ્ધતિથી નક્કી કરવામાં આવે છે.
- આ અનુસાર ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા આ પ્રમાણે છે :

### ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા

| ક્રમ | કેન્દ્રશાસિત પ્રદેશ | સંખ્યા |
|---|---|---|
| 1 | જમ્મુ કાશ્મીર | 4 |
| 2 | દિલ્હી | 3 |
| 3 | પુડુચેરી | 1 |

## રાજ્યસભાના સભ્ય બનવા માટેની યોગ્યતા

ભારતમાં રાજ્યસભાના સભ્ય બનવા માટે કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે. જેમ કે,

(1) તેઓ **ભારતના નાગરિક** હોવા જોઈએ.

(2) તેમની ઉંમર ઓછામાં ઓછી **30 વર્ષ** હોવી જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) તેઓ કોઈ **‘લાભના પદ’ (Office of Profit)** પર ન હોવા જોઈએ. (જો કોઈ વ્યક્તિ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં મંત્રી પદે હોય તો તેને ‘લાભનું પદ’ માનવામાં આવતું નથી.)

(4) તેઓ **દેવાળિયા** કે **વિકૃત મગજ**ના ન હોવા જોઈએ.

(5) આ ઉપરાંત વખતો વખત **સંસદ** દ્વારા જો કોઈ યોગ્યતા નક્કી કરવામાં આવી હોય તો તે તેઓ ધરાવતા હોવા જોઈએ.

## રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 83** અનુસાર ભારતમાં રાજ્યસભા એ **કાયમી ગૃહ** છે. આથી તેનું વિસર્જન થતું નથી.

- આમ છતાં, ભારતમાં **રાજ્યસભાના સભ્યો**નો કાર્યકાળ **6 વર્ષ**નો હોય છે.
- ભારતમાં રાજ્યસભા **કાયમી ગૃહ** છે, પરંતુ તેના સભ્યો કાયમી હોતા નથી.
- ભારતમાં **દર 2 વર્ષે** રાજ્યસભાના **1/3 સભ્યો** નિવૃત્ત થાય છે અને એટલા જ સભ્યો નવા ચૂંટાય છે.

## રાજ્યસભાના સભ્યોની ચૂંટણી

ભારતમાં **રાષ્ટ્રપતિ**, **ઉપરાષ્ટ્રપતિ** તથા **રાજ્યસભા** અને **વિધાન પરિષદના સભ્યો**ની ચૂંટણી **‘સપ્રમાણ પ્રતિનિધિત્વ (Proporational Representation)’**ના સિદ્ધાંત અનુસાર થાય છે.

- આ અંતર્ગત રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો **‘સપ્રમાણ પ્રતિનિધિત્વની પદ્ધતિ’** અનુસાર **‘એકલ સંક્રમણીય મત (Single Transferable Vote)**ના આધારે રાજ્યસભાના સભ્યોની પસંદગી કરે છે.

## Open ballot System

ભારતમાં અગાઉ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન (Secret Ballot)** થતું હતું.

- પરંતુ વર્ષ **2003**માં **‘લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951’**માં **સુધારો કરીને સંસદે** રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન**ની જગ્યાએ **ખુલ્લા મતદાનની વ્યવસ્થા (Open Ballot System)** સ્વીકારી છે.
- આથી, હાલ ભારતમાં રાજ્યસભાની ચૂંટણીમાં **ગુપ્ત મતદાન** નહિ, પરંતુ **ખુલ્લું મતદાન** થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શું ભારતનો નાગરિક કોઈપણ રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે ?

ભારતમાં અગાઉ **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1951'** અંતર્ગત એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, રાજ્યસભાનો ઉમેદવાર જે રાજ્યમાંથી ચૂંટણી લડતો હોય તે રાજ્યનો નિવાસી હોવો જોઈએ, અને એ રાજ્યની મતદાર યાદીમાં તેનું નામ નોંધાયેલું હોવું જોઈએ.

- પરંતુ વર્ષ **2003**માં **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'**માં **સુધારો કરીને** **સંસદે** સ્થાનિક નિવાસ સંબંધી આ શરત હટાવી દીધી છે.
- આથી, ભારતમાં હવે **એક રાજ્યનો વ્યક્તિ બીજા રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે.**

**નોંધ :** (1) ભારતમાં રાજ્યસભાના સભ્યની ચૂંટણી લડવા માટે ઓછામાં ઓછા **10 વિધાનસભ્યો** દ્વારા તેમના નામનો પ્રસ્તાવ રજૂ થયેલો હોવો જરૂરી છે.

(2) રાજ્યસભાના સભ્ય તેમના રાજ્યસભાના સભ્ય તરીકેના શપથ **રાજ્યસભાના અધ્યક્ષ** પાસેથી લે છે. પરંતુ ઉપરાષ્ટ્રપતિ પાસેથી નહિ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE ? Questions

1. પોતાના રાજ્યની પોલીસ ફોર્સ માટે અતિ આધુનિક 'ટેઝર ગન'ની ખરીદી કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
   (A) ઉત્તરપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) કેરળ (D) ગુજરાત **(D)**

2. ગુજરાત પોલીસ માટે ગુજરાતમાં કુલ કેટલી ટેઝર ગનની ખરીદી કરવામાં આવી છે ?
   (A) 20 (B) 25 (C) 50 (D) 150 **(B)**

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ટેઝર ગન' શું છે ?
   (A) લેઝર ગન (B) ઈલેક્ટ્રીક શોક ગન
   (C) ઝેરી કેમિકલ ગન (D) એડવાન્સ્ડ સ્મોલ મિસાઈલ ગન **(B)**

4. જૂન 2020 દરમિયાન ગુજરાતમાં કુલ કેટલી બેઠકો માટે રાજ્યસભાની ચૂંટણીનું આયોજન થયું હતું ?
   (A) 3 (B) 4 (C) 5 (D) 6 **(B)**

5. જૂન 2020 દરમિયાન યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી કયા ચાર ઉમેદવારો ચૂંટાઈને આવ્યા છે ?
   (A) શ્રી નરહરી અમીન, શ્રી અભય ભારદ્વાજ, સુશ્રી રમીલાબેન બારા, શ્રી ભરતસિંહ સોલંકી
   (B) શ્રી નરહરી અમીન, શ્રી અક્ષય ભારદ્વાજ, સુશ્રી રમીલાબેન બારા, શ્રી ભરતસિંહ સોલંકી
   (C) શ્રી નરહરી અમીન, શ્રી અભય ભારદ્વાજ, સુશ્રી રમીલાબેન બારા, શ્રી શક્તિસિંહ સોલંકી
   (D) શ્રી નરહરી અમીન, શ્રી અક્ષય ભારદ્વાજ, સુશ્રી રમીલાબેન બારા, શ્રી શક્તિસિંહ સોલંકી **(C)**

6. ભારતમાં નીચેનામાંથી કયા રાજ્યમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા 11 નથી ?
   (A) ગુજરાત (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) મધ્યપ્રદેશ **(B)**


7. ભારતમાં રાજ્યસભાના સભ્યોની ચૂંટણીમાં હાલ નીચેનામાંથી કયા સિદ્ધાંતનો ઉપયોગ થતો નથી ?
   (A) સપ્રમાણ પ્રતિનિધિત્વ (B) એકલ સંક્રમણીય મત
   (C) ગુપ્ત મતદાન (D) ખુલ્લું મતદાન **(C)**

8. ભારતમાં 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'માં કયા વર્ષે થયેલા સુધારા અનુસાર હવે ભારતના કોઈ એક રાજ્યનો નાગરિક બીજા રાજ્યમાંથી પણ રાજ્યસભાનો સભ્ય બની શકે છે ?
   (A) 2001 (B) 2002 (C) 2003 (D) 2004 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**29 JUNE, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day)




ભારત સરકાર દ્વારા ભારતમાં દર વર્ષે 29 જૂનને 'National Statistics Day' અથવા તો 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતીય આંકડાકીય પ્રણાલીના વિકાસમાં શ્રી પી. સી. મહાલનોબિસના પ્રદાનને બિરદાવવા માટે ભારતમાં વર્ષ 2006થી તેમનો જન્મ દિન 29 જૂન 'આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ ભારતમાં સામાજિક–આર્થિક આયોજન તથા નીતિ નિર્માણમાં આંકડાકીય માહિતીના મહત્ત્વ અંગે જાગરુકતા લાવવાનો છે.
- વર્ષ 2019ની 'નેશનલ સ્ટેટિસ્ટિક્સ ડે'ની થીમ 'Sustainable Development Goals (SDGs)' (સતત વિકાસ લક્ષ્ય) હતી.
- જ્યારે વર્ષ 2020ની 'નેશનલ સ્ટેટિસ્ટિક્સ ડે'ની થીમ 'SDG-3 and SDG-5' અથવા તો 'Sustainalbe Development Goals-3 (Ensure Healthy lives and Promote well-being for all at all ages) and Sustainable Development Goals-5 (Achieve gender equality and empower all Women and girls) છે.

## ➤ સુશ્રી વિની મહાજન પંજાબના પ્રથમ મહિલા મુખ્ય સચિવ બન્યા



તાજેતરમાં પંજાબના નવા મુખ્ય સચિવ (Chief Secretary) તરીકે સુશ્રી વિની મહાજનની નિમણૂક કરવામાં આવી છે.

- આ સાથે જ સુશ્રી વિની મહાજન પંજાબના પ્રથમ મહિલા મુખ્ય સચિવ બની ગયા છે.
- સુશ્રી વિની મહાજન પંજાબ કેડરના 1987ની બેચના મહિલા IAS ઓફિસર છે.
- પંજાબના નવા મુખ્ય સચિવ તરીકે સુશ્રી વિની મહાજન શ્રી કરણ અવતાર સિંહનું સ્થાન લેશે.
- પંજાબના મુખ્ય સચિવના પદ પર કોઈ મહિલાની નિમણૂક કરવામાં આવી હોય એવી આ પ્રથમ ઘટના છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતના 6 રાજ્યોમાં શિક્ષણ પદ્ધતિમાં સુધારણા માટેની 'સ્ટાર્સ' યોજનાને વર્લ્ડ બેન્કની મંજૂરી

વર્લ્ડ બેન્કના ડિરેક્ટર મંડળ દ્વારા **'સ્ટાર્સ' (STARS) યોજના**ને મંજૂરી આપવામાં આવી છે.

- આ યોજનાનું પૂરું નામ **'Strengthening Teaching-Learning and Results for State Program'** છે.
- આ યોજના અંતર્ગત **500 મિલિયન ડોલર**ના ખર્ચે **ભારતના 6 રાજ્યો**ની સરકારી સ્કૂલોમાં શિક્ષણ પદ્ધતિમાં સુધારો કરવામાં આવશે.
- ભારતના આ 6 રાજ્યોમાં **હિમાચલ પ્રદેશ, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર ઓડિશા અને રાજસ્થાન**નો સમાવેશ થાય છે.
- ભારતના આ 6 રાજ્યોમાં **'સર્વ શિક્ષા અભિયાન'**ના માધ્યમથી આ 'સ્ટાર્સ' યોજના લાગુ કરવામાં આવશે.

**નોંધ :** વર્લ્ડ બેન્કની આ યોજનાથી ભારતની લગભગ 15 લાખ જેટલી સ્કૂલોના 25 કરોડથી વધુ વિદ્યાર્થીઓ અને 1 કરોડથી વધુ શિક્ષકોને લાભ થશે.

## ➤ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી પી. વી. નરસિંહ રાવના જન્મ શતાબ્દી સમારોહનો પ્રારંભ

28 જૂન 2020ના રોજ ભારતમાં **તેલંગાણા** સરકાર દ્વારા ભારતના પૂર્વ વડાપ્રધાન **શ્રી પી. વી. નરસિંહ રાવ**ની જન્મ જયંતી નિમિત્તે એક વર્ષ સુધી ચાલનારા **જન્મ શતાબ્દી** સમારોહનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ સમારોહના ઉદ્ઘાટન પ્રસંગે તેલંગાણાના મુખ્યમંત્રી **શ્રી કે. ચંદ્રશેખર રાવે** શ્રી નરસિંહ રાવને ભારત રત્ન પુરસ્કાર આપવાની માંગ કરી છે.

### શ્રી પી. વી. નરસિંહ રાવ

શ્રી પી. વી. નરસિંહ રાવ 21 જૂન 1991થી 16 મે 1996 દરમિયાન ભારતના **9મા વડાપ્રધાન** હતા.

- તેમનું પૂરું નામ **શ્રી પામુલાપારથી વેંકટ નરસિંહ રાવ** છે.
- તેમનો જન્મ 28 જૂન 1921ના રોજ ભારતમાં વર્તમાન **તેલંગાણા**ના **વારાંગલ** જિલ્લાના **લક્નેપલ્લી** નામના ગામમાં (તત્કાલીન **આંધ્રપ્રદેશ**ના **કરીમનગર** જિલ્લામાં) થયો હતો.
- 1971થી 1973 દરમિયાન તેઓ **આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી** પણ રહયા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારતના વડાપ્રધાન તરીકે શ્રી પી. વી. નરસિંહ રાવ ભારતમાં **આર્થિક સુધારાઓ** માટે પ્રસિદ્ધ છે.
- તેમણે ભારતના નાણા મંત્રી તરીકે બિન રાજકીય વ્યકિત **શ્રી મનમોહન સિંહ**ની નિમણૂક કરી હતી.
- અને ત્યારબાદ ભારતમાં તેમણે એ સમયે **આર્થિક ઉદારીકરણ, વૈશ્વિકીકરણ અને ખાનગીકરણ**નો પ્રારંભ કર્યો હતો કે જ્યારે ભારતની અર્થવ્યવસ્થા ખૂબ જ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી હતી.
- ભારતના વર્તમાન આર્થિક વિકાસમાં શ્રી નરસિંહ રાવ દ્વારા **1992**માં હાથ ધરવામાં આવેલા આર્થિક સુધારાઓનું વિશેષ મહત્ત્વ છે.
- શ્રી નરસિંહ રાવના કાર્યકાળમાં જ ભારતમાં **Look East Policy (પૂર્વની તરફ જુઓ નીતિ)**નો પ્રારંભ થયો હતો. જેને કારણે ભારતના દક્ષિણ પૂર્વ એશિયાના દેશો સાથે વ્યાપારી સંબંધ મજબૂત થયા હતા.
- આ ઉપરાંત ભારતના **બંધારણમાં 73મો અને 74મો સુધારો** શ્રી નરસિંહ રાવના સમયમાં જ થયો હતો. કે જેના દ્વારા ભારતની પંચાયતીરાજ વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા તેમના માટે એક તૃતીયાંશ સીટો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી હતી.

**નોંધ :** (1) શ્રી પી. વી. નરસિંહ રાવ **ભાષા પર અસાધારણ પ્રભુત્વ** ધરાવતા હતા. તેઓ **ભારતની 10 ભાષાઓ** ઉપરાંત **6 વિદેશી ભાષાઓ** પણ જાણતા હતા.

(2) 21 મે 1991ના રોજ **શ્રી રાજીવ ગાંધી**ના મૃત્યુ બાદ **કોંગ્રેસ પક્ષ**ના નેતા તરીકે તેઓ 21 જૂન 1991ના રોજ ભારતના 9મા વડાપ્રધાન બન્યા હતા.

(3) શ્રી પી. વી. નરસિંહ રાવ અગાઉ **શ્રી ચંદ્ર શેખર** ભારતના વડાપ્રધાન હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

**1.** ભારતમાં 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' અથવા તો 'National Statistics Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જૂન (B) 28 જૂન (C) 29 જૂન (D) 30 જૂન **(C)**

**2.** ભારતમાં કોનો જન્મદિન 29 જૂન 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી પી. વી. નરસિંહ રાવ (B) શ્રી પી. સી. ચંદ્ર

(C) શ્રી પી. સી. મહાલનોબિસ (D) શ્રી પી. સી. ચૌધરી **(C)**

3. તાજેતરમાં સુશ્રી વિની મહાજનની કયા રાજ્યના પ્રથમ મહિલા મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) તેલંગાણા (B) પંજાબ (C) હરિયાણા (D) કેરળ **(B)**

4. પંજાબના પ્રથમ મહિલા ચીફ સેક્રેટરી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) સુશ્રી વિની મલ્હોત્રા (B) સુશ્રી વિની માંકડ
(C) સુશ્રી વિની મહાજન (D) સુશ્રી વિની મહાપાત્રા **(C)**

5. વર્લ્ડ બેન્ક દ્વારા ભારતની કેટલા રૂપિયાની 'સ્ટાર્સ' યોજનાને મંજૂરી આપવામાં આવી છે ?
(A) 200 મિલિયન ડોલર (B) 500 મિલિયન ડોલર
(C) 1000 મિલિયન ડોલર (D) 1500 મિલિયન ડોલર **(B)**

6. વર્લ્ડ બેન્ક દ્વારા ભારતની 500 મિલિયન ડોલરની 'સ્ટાર્સ' યોજનાને મંજૂરી આપવામાં આવી છે.....આ યોજના અંતર્ગત ભારતના કેટલા રાજ્યોની સરકારી સ્કુલોમાં શિક્ષણ પદ્ધતિમાં સુધારાઓ કરવામાં આવશે ?
(A) 5 (B) 6
(C) 10 (D) ભારતના તમામ રાજ્યોમાં **(B)**

7. તાજેતરમાં કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા 500 મિલિયન ડોલરની ભારતની 'સ્ટાર્સ' યોજનાને મંજૂરી આપવામાં આવી છે ?
(A) IMF (B) ADB (C) World Bank(D) WHO **(C)**

8. 28 જૂન 2020ના રોજ ભારતના તેલંગાણામાં ભારતના કયા પૂર્વ વડાપ્રધાનના એક વર્ષ સુધી ચાલનારા જન્મ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ થયો છે ?
(A) શ્રી એચ. ડી. દેવ ગૌડા (B) શ્રી આઈ. કે. ગુજરાલ
(C) શ્રી વી. પી. સિંહ (D) શ્રી પી. વી. નરસિંહ રાવ **(D)**

9. શ્રી પી. વી. નરસિંહ રાવના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમનો જન્મ ભારતના વર્તમાન તેલંગાણામાં થયો હતો.
2. તેઓ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી રહ્યા હતા.
3. ભારતના આર્થિક સુધારાઓમાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું.
4. ભારતમાં 'Look West Policy'નો પ્રારંભ તેમના કાર્યકાળથી થયો હતો.
Ans. (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**30 JUNE, 2020 TUESDAY**

➤ **દિવસ મહિમા : 30 જૂન, (1) વિશ્વ સોશિયલ મીડિયા દિવસ (World Social Media Day)**
**(2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamentarism)**

## આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 30 જૂનના રોજ **'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 30 જૂન 2020ના રોજ ત્રીજા **'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'**ની ઉજવણી કરવામાં આવી છે.
- આ અગાઉ 30 જૂન 2018ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સમગ્ર વિશ્વમાં **પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'** (International parliamentarism day)ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે વિશ્વના આશરે 193 દેશોમાં સંસદીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે.
- લોકશાહી માટે સંસદીય વ્યવસ્થા ખૂબ જ અગત્યની છે.
- આથી, સંસદીય વ્યવસ્થાનું મહત્ત્વ અથવા તો અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 30 જૂનની પસંદગી શા માટે?


30 જૂન 1889ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંસદીય કાર્ય પ્રણાલી માટે **'ઈન્ટર પાર્લિયામેન્ટરી યુનિયન'**ની સ્થાપના કરવામાં આવી હતી.

- આથી, 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી માટે 30 જૂનની પસંદગી કરવામાં આવી છે.

## વર્ષ 2020ની થીમ

વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની થીમ **'Parliaments in a time of Pandemic'** છે.

## ➢ ભારતની ચીન પર ડિજિટલ સ્ટ્રાઈક : ખૂબ જ લોકપ્રિય ટિકટોક સહિત 59 ચાઈનીઝ એપ પર ભારતનો પ્રતિબંધ




ચીન સાથે સરહદી વિવાદ વચ્ચે 29 જૂન 2020ના રોજ ભારતે ચીનની 59 જેટલી મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

- આ 59 એપમાં ટિકટોક, શેર ઈટ, યુસી બ્રાઉઝર, કેમ સ્કેનર, વિવા વીડિયો વગેરે જેવી લોકપ્રિય એપનો સમાવેશ થાય છે.
- ભારતના સાર્વભૌમત્વ, સુરક્ષા, અખંડિતતા તેમજ ભારતના નાગરિકોના ડેટાની સુરક્ષા માટે કેન્દ્ર સરકારે ચાઈનીઝ એપ પર આ પ્રતિબંધ મૂકયો છે.
- ભારત સરકારના આ નિર્ણયથી ચાઈનીઝ કંપનીઓને કરોડો રૂપિયાનું નુકશાન થવાની સંભાવના છે.

## ➢ શ્રી કે. કે. વેણુગોપાલની ભારતના એટર્ની જનરલ તરીકે ફરીથી નિમણૂક



શ્રી કે. કે. વેણુગોપાલ ભારતના વર્તમાન એટર્ની જનરલ છે.

- ભારતના 15મા એટર્ની જનરલ તરીકે શ્રી કે. કે. વેણુગોપાલની 30 જૂન 2017ના રોજ નિમણૂક કરવામાં આવી હતી.
- ભારતમાં મુકુલ રોહતગીની જગ્યાએ શ્રી કે. કે. વેણુગોપાલની ભારતના એટર્ની જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- ભારતના એટર્ની જનરલ તરીકે શ્રી કે. કે. વેણુગોપાલનો 3 વર્ષનો કાર્યકાળ 30 જૂન 2020ના રોજ પૂરો થઈ રહયો હતો.
- તેમનો આ કાર્યકાળ પૂરો થાય તે અગાઉ જ શ્રી કે. કે. વેણુગોપાલની ભારતના એટર્ની જનરલ તરીકે ફરીથી નિમણૂક કરવામાં આવી છે.

### ભારતના એટર્ની જનરલ

ભારતના એટર્ની જનરલ એ ભારત સરકારના મુખ્ય કાનૂની સલાહકાર છે.

- અને આ ઉપરાંત તેઓ ભારતની સુપ્રીમ કોર્ટમાં ભારત સરકારના મુખ્ય પ્રતિનિધિ હોય છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 76 અંતર્ગત એટર્ની જનરલના પદની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 76(1)** અનુસાર ભારતના એટર્ની જનરલની નિમણૂક ભારતના **રાષ્ટ્રપતિ** દ્વારા કરવામાં આવે છે.

## એટર્ની જનરલની લાયકાત

ભારતીય બંધારણના **અનુચ્છેદ 76(1)** અનુસાર ભારતના રાષ્ટ્રપતિ ભારતની **સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ** બનવા માટે લાયક વ્યકિતની ભારતના એટર્ની જનરલ તરીકે નિમણૂક કરી શકે છે.

- એટલે કે ભારતના એટર્ની જનરલ બનવા માટેની લાયકાતમાં ભારતની **સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ** બનવા માટે જે લાયકાત જરૂરી હોય છે તે લાયકાતનો સમાવેશ થાય છે.

## એટર્ની જનરલની કામગીરી

ભારતીય બંધારણના **અનુચ્છેદ 76(2)** અનુસાર રાષ્ટ્રપતિ તરફથી વખતોવખત વિચારણા માટે મોકલવામાં આવે કે સોંપવામાં આવે તે કાયદા વિષયક બાબતોમાં ભારત **સરકારને સલાહ આપવાની** એટર્ની જનરલની ફરજ રહેશે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 76(3)** અનુસાર પોતાની ફરજો બજાવવા માટે એટર્ની જનરલને **ભારતના રાજ્યક્ષેત્રમાંના તમામ ન્યાયાલયોમાં** સુનાવણીનો હક રહેશે.

**નોંધ :** ભારતીય બંધારણના અનુચ્છેદ 88 અનુસાર ભારતના એટર્ની જનરલ સંસદના બેમાંથી કોઈપણ ગૃહમાં અથવા તો સંસદની સંયુક્ત બેઠકમાં અને તેની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે અને તેમાં બોલી શકે છે. પરંતુ તેઓ મત આપી શકશે નહિ.

## એટર્ની જનરલના હોદ્દાની મુદત

ભારતમાં એટર્ની જનરલના કાર્યકાળ માટે કોઈ **નિશ્ચિત મુદત નક્કી કરવામાં આવી નથી.**

- ભારતના એટર્ની જનરલ **રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી** હોદ્દો સંભાળે છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 76(4)** અનુસાર એટર્ની જનરલ **રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી** હોદ્દો ધરાવશે.

## એટર્ની જનરલનો પગાર

ભારતીય બંધારણના **અનુચ્છેદ 76(4)** અનુસાર એટર્ની જનરલને **રાષ્ટ્રપતિ નક્કી કરશે તે જ મહેનતાણું (પગાર)** મળશે.

**નોંધ :** (1) **શ્રી એમ. સી. સેતલવાડ** અથવા તો **શ્રી મોતિલાલ ચિમનલાલ સેતલવાડ** ભારતના **પ્રથમ એટર્ની જનરલ** હતા.

(2) ભારતની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવાની લાયકાતમાં નીચેની લાયકાતનો સમાવેશ થાય છે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(i) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(ii) તેઓ 5 વર્ષથી હાઈકોર્ટના ન્યાયાધીશ હોવા જોઈએ.

અથવા

તેઓ 10 વર્ષથી હાઈકોર્ટના વકીલ હોવા જોઈએ.

અથવા

રાષ્ટ્રપતિના મતાનુસાર તેઓ પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી હોવા જોઈએ.

**ભારતના એટર્ની જનરલ અંગે બંધારણીય જોગવાઈ**

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | અનુચ્છેદ 76(1) | એટર્ની જનરલની નિમણૂક અને લાયકાત |
| 2 | અનુચ્છેદ 76(2) | એટર્ની જનરલની કામગીરી |
| 3 | અનુચ્છેદ 76(3) | એટર્ની જનરલનું કાર્યક્ષેત્ર |
| 4 | અનુચ્છેદ 76(4) | એટર્ની જનરલના હોદ્દાની મુદત અને મહેનતાણું |

## ➤ ભારતના સોલિસિટર જનરલ તરીકે શ્રી તુષાર મહેતાની વધુ 3 વર્ષ માટે નિમણૂક

29 જૂન 2020ના રોજ ભારતમાં કેન્દ્રીય કેબિનેટની એપોઈન્ટમેન્ટ કમિટિ દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર ભારતના સોલિસિટર જનરલ તરીકે શ્રી તુષાર મહેતાની વધુ 3 વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી તુષાર મહેતા 10 ઓક્ટોબર 2018થી ભારતના સોલિસિટર જનરલ છે.
- હવે, તેમની વધુ 3 વર્ષ માટે આ પદ પર નિમણૂક કરવામાં આવી છે.
- સોલિસિટર જનરલ એ ભારતમાં એટર્ની જનરલ બાદ બીજા કાનૂની અધિકારી છે.
- તેઓ ભારતના એટર્ની જનરલને આધીન રહીને તેમના કાર્યમાં સહયોગ કરે છે.

**નોંધ :** (1) શ્રી તુષાર મહેતા ઉપરાંત **શ્રી દેવાંગ વ્યાસ**ને **ગુજરાત હાઈકોર્ટ**માં **એડિશનલ સોલિસિટર જનરલ** બનાવવામાં આવ્યા છે.

(2) જ્યારે ગુજરાત હાઈકોર્ટના સિનિયર કાઉન્સેલ **શ્રી એસ. વી. રાજુ**ને ભારતની **સુપ્રીમ કોર્ટ**માં ત્રણ વર્ષ માટે **એડિશનલ સોલિસિટર જનરલ** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

1. 'વિશ્વ સોશિયલ મીડિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જુલાઈ **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જુલાઈ **(C)**

3. 29 જૂન 2020ના રોજ ભારત દ્વારા ચીનની કેટલી મોબાઈલ એપ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?
(A) 56 (B) 57 (C) 58 (D) 59 **(D)**

4. ભારતના એટર્ની જનરલ તરીકે કોની ફરીથી નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી તુષાર મહેતા (B) શ્રી કે. કે. વેણુગોપાલ
(C) શ્રી દેવાંગ વ્યાસ (D) શ્રી એસ. વી. રાજુ **(B)**

5. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત ભારતના એટર્ની જનરલની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 72 (B) અનુચ્છેદ 74 (C) અનુચ્છેદ 76 (D) અનુચ્છેદ 78 **(C)**

6. ભારતના એટર્ની જનરલના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેઓ ભારત સરકારના મુખ્ય કાનૂની સલાહકાર છે.
2. ભારતીય બંધારણના અનુચ્છેદ 76(4) અનુસાર તેમની એક ટર્મની મુદત 3 વર્ષની હોય છે.
3. ભારતીય બંધારણના અનુચ્છેદ 76(4) અનુસાર તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેટલો પગાર મળે છે.

Ans. (A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) ફક્ત 1 **(D)**

7. ભારતના પ્રથમ એટર્ની જનરલ કોણ હતા ?
(A) શ્રી એમ. સી. સેડલવાડ (B) શ્રી એમ. એન. મદનમોહન
(C) શ્રી આર. કે. જૈન (D) શ્રી હિમાંશુ વ્યાસ **(A)**

8. ભારતના સોલિસિટર જનરલ તરીકે ફરીથી કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી તુષાર મહેતા (B) શ્રી દેવાંગ વ્યાસ
(C) શ્રી તુષાર ચૌધરી (D) શ્રી તુષાર વ્યાસ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9.** તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં એડિશનલ સોલિસિટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી દેવાંગ શાહ (B) શ્રી એસ. વી. રાજુ

(C) શ્રી એસ. વી. રમેશ (D) શ્રી દેવાંગ વ્યાસ **(D)**

**10.** તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના કયા સિનિયર કાઉન્સેલની ભારતની સુપ્રીમ કોર્ટમાં એડિશનલ સોલિસિટર જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી આર. કે. જૈન (B) શ્રી એસ. વી. રમેશ

(C) શ્રી એસ. વી. રાજુ (D) શ્રી એસ. વી. મોહન **(C)**

## 01 JULY, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 1 જુલાઈ, રાષ્ટ્રીય ડોક્ટર દિવસ (National Doctor's Day)

સમગ્ર ભારતમાં 1 જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી **શ્રી ડો. બિધાન ચંદ્ર રોય**ની યાદમાં તેમનો જન્મદિન 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ **1991**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- **ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન** દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ **2020**ની 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસની થીમ **'Lessen the Mortality of COVID-19'** છે.

### ડો. બિધાન ચંદ્ર રોય

ડો. બિધાન ચંદ્ર રોય **પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી** હતા.

- **1 જુલાઈ 1882**ના રોજ બિહારના **પટના** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ખૂબ જ જાણીતા ફીઝીશિયન અને શિક્ષણવિદ હતા.
- ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન **(IMA)** અને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા**(MCI)**ની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- તેમણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતાપદ પણ શોભાવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પશ્ચિમ બંગાળમાં પાંચ નવા શહેરોની સ્થાપના થઈ હતી.
- તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' (1961)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ➤ ભારતમાં બેન્કોમાંથી 1 કરોડના રોકડ ઉપાડ પર 2 ટકા TDS કપાશે

ભારતના નાણામંત્રી સુશ્રી નિર્મલા સિતારામને નાણાકીય વર્ષ 2020-21ના ભારત સરકારના બજેટમાં રૂ. 1 કરોડથી વધુના રોકડ ઉપાડ પર 2 ટકા TDS કાપવાની દરખાસ્ત કરી હતી.

- સરકારના આ નિર્ણયનો અમલ 1 જુલાઈ, 2020 થશે.
- આ અંતર્ગત ભારતમાં 1 એપ્રિલથી 31 માર્ચ સુધીના નાણાકીય વર્ષમાં 1 વર્ષ દરમિયાન જો કોઈ વ્યકિત બેન્ક, કો–ઓપરેટિવ બેન્ક કે પોસ્ટમાંથી રૂ. 1 કરોડથી વધુ રોકડ રકમ ઉપાડશે તો તેના પર 2 ટકા TDS કાપવામાં આવશે.
- ભારતમાં કાળા નાણાં દ્વારા થતા રોકડ વ્યવહારો પર અંકુશ મૂકવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.

### કલમ 194-N

ભારતમાં સરકારના ઉપરોકત નિર્ણયના અમલ માટે TDS અંગે 194-N નામની નવી કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે.

- આ કલમ અંતર્ગત ભારતમાં જો કોઈ વ્યકિત, સંયુકત પરિવાર, કોઈ કંપની, કોઈ ભાગીદારી પેઢી, કોઈ લોકલ ઓથોરિટી કે કોઈ વ્યકિતઓના એસોસિયેશન દ્વારા બેન્કો કે કોઈ અન્ય સંસ્થાઓમાંથી 1 વર્ષના ગાળામાં એક સાથે કે છૂટક છૂટક કુલ રૂ. 1 કરોડથી વધુ રોકડ રકમ ઉપાડવામાં આવશે તો તેના પર 2 ટકા TDS કાપવામાં આવશે.

### કઈ સંસ્થામાંથી રોકડ રકમના ઉપાડ પર આ નિયમ લાગુ પડશે ?

ભારતમાં નીચેની ત્રણ સંસ્થાઓમાંથી એક વર્ષ દરમિયાન કોઈ એક અકાઉન્ટમાંથી કુલ રૂ. 1 કરોડથી વધુ રોકડ રકમના ઉપાડ પર આ નિયમ લાગુ પડશે :

(1) **બેન્કો**

(2) **કો-ઓપરેટિવ બેન્કો અને**

(3) **પોસ્ટ ઓફિસ**

**નોંધ :** આ નિયમ કોઈ એક જ અકાઉન્ટમાંથી રૂ. 1 કરોડથી વધુના રોકડ ઉપાડ પર લાગુ પડશે. જો કોઈ વ્યકિતને જુદી જુદી બેન્કમાં 4 અકાઉન્ટ હોય તો એ ચારેય અકાઉન્ટમાંથી એક વર્ષમાં રૂ. 1 - 1 કરોડ લેખે કુલ રૂ. 4 કરોડ રકમ TDS કાપ્યા વગર ઉપાડી શકશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## TDSનો દર

આ કલમની જોગવાઈ અનુસાર ભારતમાં સામાન્ય રીતે 1 વર્ષ દરમિયાન 1 કરોડથી વધુ રોકડ રકમ ઉપાડવા પર 2 ટકા TDS કપાશે.

- પરંતુ જો કોઈ વ્યક્તિએ છેલ્લા 3 વર્ષના IT રિટર્ન ભર્યા ન હોય તો તે વ્યક્તિ વર્ષ દરમિયાન રૂ. 20 લાખથી વધુ રોકડ રકમ ઉપાડશે તો પણ તેને 2 ટકા TDS ચૂકવવો પડશે.
- અને છેલ્લા ત્રણ વર્ષના IT રિટર્ન ન ભરનાર વ્યક્તિ જો એક વર્ષમાં રૂ. 1 કરોડથી વધુ રોકડનો ઉપાડ કરે તો તેવા કિસ્સામાં તેને 5 ટકા લેખે TDS ચૂકવવાનો રહેશે.
- જો કોઈ વ્યક્તિ પાન કાર્ડ ધરાવતો ન હોય અને એક વર્ષમાં રૂ. 20 લાખથી વધુ રોકડ ઉપાડે તો તે કિસ્સામાં 20 ટકા TDS કાપવામાં આવશે.

### 1 વર્ષ દરમિયાન રોકડ રકમના ઉપાડ પર TDSનો દર

| ક્રમ | 1 વર્ષમાં કુલ રોકડ ઉપાડ | TDSનો દર |
|---|---|---|
| 1 | રૂ. 1 કરોડથી વધુ | 2 ટકા |
| 2 | ત્રણ વર્ષથી IT રિટર્ન ન ભર્યું હોય તેવા કિસ્સામાં રૂ. 20 લાખથી વધુ રોકડ ઉપાડ | 2 ટકા |
| 3 | ત્રણ વર્ષથી IT રિટર્ન ન ભર્યું હોય તેવા કિસ્સામાં રૂ. 1 કરોડથી વધુ રોકડ ઉપાડ | 5 ટકા |
| 4 | પાન કાર્ડ ન હોય તેવા કિસ્સામાં રૂ. 20 લાખથી વધુ રોકડ ઉપાડ | 20 ટકા |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** TDSનું પૂરું નામ Tax Deducted at Source છે.

## ➢ COVID-19ની સારવાર માટે ભારતની પ્રથમ 'પ્લાઝમા બેન્ક'નો અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પ્રારંભ

24 જૂન 2020ના રોજ ગુજરાતના અમદાવાદની સિવિલ હોસ્પિટલની 1200 બેડની કોવિડ હોસ્પિટલમાં 'પ્લાઝમા બેન્ક'ની રચના કરવામાં આવી છે.

- ગુજરાતમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં શરૂ કરવામાં આવેલી આ 'પ્લાઝમા બેન્ક' COVID-19ની સારવાર માટેની ભારતની પ્રથમ 'પ્લાઝમા બેન્ક' છે.
- ગુજરાતના અમદાવાદમાં 'પ્લાઝમા બેન્ક'ની આ રચના બાદ 2 જુલાઈ 2020ના રોજ ભારતની રાજધાની દિલ્હી ખાતે દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે 'દિલ્હી પ્લાઝમા બેન્ક'નો શુભારંભ કરાવ્યો હતો.

- કેટલાક મીડિયા રિપોર્ટ અનુસાર દિલ્હીમાં શરૂ થયેલી આ 'પ્લાઝમા બેન્ક'ને COVID-19ની સારવાર માટેની ભારતની પ્રથમ પ્લાઝમા બેન્ક માનવામાં આવે છે.
- જોકે, ખરી હકીકત એ છે કે દિલ્હીમાં શરૂ થયેલી આ પ્લાઝમા બેન્ક અગાઉ જ 24 જૂન 2020ના રોજ ગુજરાતના અમદાવાદમાં 'પ્લઝમા બેન્ક'ની રચના થઈ ગઈ હતી. જેમાં 30 જૂન સુધીમાં 30થી વધુ પ્લાઝમા ડોનર દ્વારા રકતદાન અથવા તો પ્લાઝમાનું દાન પણ કરવામાં આવ્યું હતું.

**નોંધ :** (1) દિલ્હીની ILBS Hospitalમાં દિલ્હીની પ્રથમ પ્લાઝમા બેન્ક શરૂ કરવામાં આવી છે.

(2) ILBSનું પૂરું નામ Institute of Liver and Biliary Sciences છે.

## ICE Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ડોકટર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 જૂન (B) 2 જૂન (C) 3 જૂન (D) 1 જુલાઈ **(D)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોકટર દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) ડો. વિદ્યાસાગર રોય (B) ડો. વિશ્વંભર રોય
   (C) ડો. બિધાનચંદ્ર રોય (D) ડો. વિદ્યા ચંદ્ર રોય **(C)**

3. 1 જુલાઈ 2020થી ભારતમાં એક વર્ષ દરમિયાન બેન્કોમાંથી કોઈ વ્યકિત દ્વારા કેટલા રૂપિયાથી વધુ રોકડ રકમ ઉપાડવામાં આવશે તો તેના પર TDS લાગશે ?
   (A) રૂ. 25 લાખ (B) રૂ. 50 લાખ (C) રૂ. 50 લાખ (D) રૂ. 1 કરોડ **(D)**

4. 1 જુલાઈ 2020થી ભારતમાં કોઈ વ્યકિત 1 વર્ષ દરમિયાન કોઈ એક બેન્ક અકાઉન્ટમાંથી કુલ રૂપિયા 1 કરોડથી વધુ રોકડ રકમ ઉપાડે તો તેના પર કેટલા ટકા TDS લાગશે ?
   (A) 1 ટકા (B) 2 ટકા (C) 3 ટકા (D) 5 ટકા **(B)**

5. ભારતમાં જો કોઈ વ્યકિત કઈ સંસ્થાના કોઈ એક અકાઉન્ટમાંથી એક વર્ષમાં કુલ રૂપિયા 1 કરોડથી વધુ રોકડ રકમ ઉપાડશે...તો તેના પર 2 ટકા TDS લાગશે ?
   (A) બેન્કો (B) કો–ઓપરેટિવ બેન્કો
   (C) પોસ્ટ ઓફિસો (D) ઉપરોકત ત્રણેય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ભારતમાં કોઈ એક નાણાકીય વર્ષ દરમિયાન કોઈ એક અકાઉન્ટમાંથી રોકડ રકમના ઉપાડ પર લાદવામાં આવેલ TDSના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. રૂ. 1 કરોડથી વધુ રોકડ રકમના ઉપાડ પર 2 ટકા TDS લાગશે.
   2. જો ત્રણ વર્ષથી IT રિટર્ન ન ભર્યું હોય અને કોઈ વ્યકિત રૂ. 20 લાખથી વધુ રકમ ઉપાડે તો તેના પર 2 ટકા TDS લાગશે.
   3. જો ત્રણ વર્ષથી IT રિટર્ન ન ભર્યું હોય અને કોઈ વ્યકિત રૂ. 1 કરોડથી વધુ રકમ ઉપાડે તો તેના પર 5 ટકા TDS લાગશે.
   4. પાન કાર્ડ ન હોય તેવા કિસ્સામાં રૂ. 20 લાખથી વધુ રોકડ રકમના ઉપાડ પર 10 ટકા TDS કપાશે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3 (D) 1, 3 **(B)**

7. TDSનું પૂરું નામ શું છે ?
   (A) Tax Deduction Source (B) Tax Deduction at Source
   (C) Tax Deducted at Source (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

8. COVID-19ની સારવાર માટે ભારતની પ્રથમ પ્લાઝમા બેન્કનો કયાં પ્રારંભ થયો છે ?
   (A) મુંબઈ (B) પૂણે (C) જયપુર (D) અમદાવાદ **(D)**

9. સૌપ્રથમ ગુજરાતના અમદાવાદ બાદ ભારતના કયા શહેરમાં COVID-19ની સારવાર માટે પ્લાઝમા બેન્કનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
   (A) મુંબઈ (B) ચેન્નાઈ (C) દિલ્હી (D) ઈન્દોર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 02 JULY, 2020 THURSDAY

### ➤ 'કોવેક્સિન' નામની ભારતની પ્રથમ કોરોના વેક્સિનને હ્યુમન ટ્રાયલની મંજૂરી

COVID-19 સામેના જંગમાં ભારતમાં **'ભારત બાયોટેક'** નામની **ભારત**ની ફાર્મા કંપની દ્વારા કોરોના માટેની **ભારતની પ્રથમ વેક્સિન** બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

- ભારત બાયોટેક દ્વારા ભારતમાં સૌપ્રથમ વખત બનાવવામાં આવેલી કોરોના માટેની આ વેક્સિનનું નામ **'કોવેક્સિન' (COVAXIN)** છે.
- આ વેક્સિનને **DCGI** દ્વારા પ્રથમ અને બીજા તબક્કાના માનવ પરીક્ષણની મંજૂરી આપવામાં આવી છે.

- આ સાથે જ 'કોવેક્સિન' માનવ પરીક્ષણ માટે મંજૂરી મેળવનાર ભારતની પ્રથમ વેક્સિન બની ગઈ છે.
- આ અંતર્ગત જુલાઈથી આ વેક્સીનની હ્યુમન ટ્રાયલ શરૂ થઈ ગઈ છે.

**નોંધ :** (1) DCGIનું પૂરું નામ Drug Controller General of India છે.

(2) ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગત DCGI કાર્ય કરે છે.

(3) 1996માં ડો. ક્રિષ્ના એમ ઈલા દ્વારા સ્થપાયેલી ભારત બાયોટેકનું હેડક્વાર્ટર હૈદરાબાદ ખાતે આવેલું છે.

## ➤ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ભારતમાં ગરીબોને વધુ 5 મહિના મફત અનાજ

કોરોના લોકડાઉન દરમિયાન ભારતમાં કોઈને ભૂખ્યા સૂવું ન પડે તે માટે કેન્દ્ર સરકારે 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ગરીબોને ત્રણ મહિના માટે મફત અનાજ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત ભારતમાં એપ્રિલ, મે અને જૂન 2020 એમ ત્રણ મહિના માટે ગરીબોને મફત અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું હતું.
- આ અનાજમાં –

  (1) **દર મહિને વ્યકિત દીઠ પાંચ કિલો ઘઉં અથવા ચોખા અને**

  (2) **દર મહિને પરિવાર દીઠ એક કિલો દાળ અથવા ચણા અથવા કઠોળનો સમાવેશ થાય છે.**
- આ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ. 60,000 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.
- જોકે, ભારતમાં હવે આ યોજના વધુ 5 મહિના માટે એટલે કે નવેમ્બર 2020 સુધી લંબાવવામાં આવી છે.
- 30 જૂન, 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ જાહેરાત કરી હતી.
- સરકારે કરેલી આ જાહેરાત અનુસાર ભારતમાં હવે નવેમ્બર 2020 સુધી ગરીબોને મફત અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ભારતમાં કોરોના મહામારીને કારણે સર્જાયેલી આર્થિક સંકટની સ્થિતિમાં કોઈને ભૂખ્યા સૂવું ન પડે તે માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.
- આ નિર્ણયને કારણે સરકાર પર વધારાનો રૂ. 90,000 કરોડનો બોજ પડશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, ભારતમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ગરીબોને એપ્રિલથી નવેમ્બર 2020 સુધી કુલ **આઠ મહિના** માટે મફત અનાજ ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર સરકારને કુલ **રૂ. 1,50,000 કરોડ**નો ખર્ચ થશે.

**નોંધ :** 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' એ **'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ'**નો એક ભાગ છે.

## ➤ ભારતના હાઈવે પ્રોજેક્ટમાં ચીનની કંપનીઓ પર પ્રતિબંધ

1 જુલાઈ 2020ના રોજ ભારતના કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી **શ્રી નીતિન ગડકરી**એ કરેલી જાહેરાત અનુસાર ભારતના **હાઈવે પ્રોજેક્ટ્સ**માં **ચીનની કંપનીઓ**ની એન્ટ્રી બંધ કરી દેવામાં આવશે.

- સરકારના આ નિર્ણય અંતર્ગત ભારતના હાઈવે પ્રોજેક્ટમાં હવે ચીનની એક પણ કંપનીને એન્ટ્રી નહિ મળે.
- આ ઉપરાંત ભારતના હાઈવે પ્રોજેટકના **જોઈન્ટ વેન્ચર્સ**માં પણ ચીનની કંપનીઓને બાકાત રાખવામાં આવશે.
- આથી, ભારતીય કંપની સાથે ભાગીદારી કરીને પણ હવે ચીનની કોઈ કંપની ભારતના હાઈવે પ્રોજેક્ટમાં ભાગ લઈ શકશે નહિ.

**નોંધ :** (1) તાજેતરમાં ભારત અને ચીન વચ્ચે સર્જાયેલા ગલવાન સંઘર્ષ બાદ કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે.

(2) આ અગાઉ ભારતીય રેલવે દ્વારા પણ ચાઈનીઝ કંપનીનો **રૂ. 471 કરોડ**નો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યો હતો.

(3) ચીનની કંપનીઓને બાકાત રાખવા માટે ભારતની **BSNL** એ પણ **4-G ટેન્ડર** રદ કર્યું છે.

(4) આ ઉપરાંત ભારતના વેપારીઓ દ્વારા પણ ચીની માલનો બહિષ્કાર કરવામાં આવી રહયો છે. જેને કારણે વર્ષ 2021 સુધીમાં ચીનને રૂ. 1 લાખ કરોડનું નુકશાન થવાની સંભાવના છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2020 રિપોર્ટ

તાજેતરમાં **United Nations Populatation Fund** દ્વારા **'સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2020'** નામથી એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં સમગ્ર વિશ્વમાં **મહિલાઓની ઘટતી સંખ્યા** અંગે ચિંતા વ્યકત કરવામાં આવી છે.
- આ રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં દર વર્ષે **14.2 કરોડ** છોકરીઓના મૃત્યુ થાય છે.
- આ રિપોર્ટ અનુસાર લિંગ પસંદગીને કારણે ભારતમાં દર વર્ષે **4.6 કરોડ** છોકરીઓના મૃત્યુ થાય છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં **5 વર્ષથી ઓછી** ઉંમરની છોકરીમાં મૃત્યુ દરનું પ્રમાણ **9 : 1** એટલે કે **9 છોકરીએ 1** છે, જે સૌથી વધુ છે.

ICE Questions

1. તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ ભારતની કઈ કંપની દ્વારા નિર્માણ પામેલી કોરોના વેકિસનને હ્યુમન ટ્રાયલ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે ?
(A) કેડિલા હેલ્થ (B) સન ફાર્મા
(C) ભારત બાયોટેક (D) સિપ્લા **(C)**

2. ભારતમાં સૌપ્રથમ ભારત બાયોટેક દ્વારા નિર્માણ પામેલી કોરોના માટેની કઈ વેકિસનને માનવ પરીક્ષણની મંજૂરી આપવામાં આવી છે ?
(A) કોવિનોકસ (B) કોવિડકેર (C) કોનોકિસન (D) કોવેકિસન **(D)**

3. ભારતમાં સૌપ્રથમ ભારત બાયોટેક દ્વારા નિર્માણ પામેલી 'કોવેકિસન' નામની કોરોના માટેની રસીને DCGI દ્વારા માનવ પરીક્ષણની મંજૂરી આપવામાં આવી છે....DCGIનું પૂરું નામ શું છે ?
(A) Drug Control General India
(B) Drug Controller General India
(C) Drug Contoller General of India
(D) Drug Control General of India **(C)**

4. 30 જૂન 2020ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી જાહેરાત અનુસાર ભારતમાં ગરીબોને મફત અનાજ ઉપલબ્ધ કરાવવા માટે કઈ યોજનાની મુદત લંબાવવામાં આવી છે ?
(A) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના
(B) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ રાહત યોજના
(C) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

5. ભારતમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ગરીબોને દર મહિને કયાં સુધી મફત અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) સપ્ટેમ્બર 2020 (B) ઓકટોબર, 2020
(C) નવેમ્બર, 2020 (D) ડિસેમ્બર, 2020 **(C)**

6. ભારતમાં ગરીબોને મફત અનાજ ઉપલબ્ધ કરાવવા 30 જૂન 2020ના રોજ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'ની મુદત કેટલા મહિના માટે વધારવામાં આવી છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ભારતમાં કયા મહિનાથી ગરીબોને દર મહિને મફત અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવે છે ?
(A) માર્ચ 2020 (B) એપ્રિલ 2020 (C) મે 2020 (D) જૂન 2020 **(B)**

8. 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત ગરીબોને દર મહિને આપવામાં આવતા મફત અનાજના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. દર મહિને વ્યકિત દીઠ પાંચ કિલો ઘઉં તથા ચોખા
2. દર મહિને વ્યકિત દીઠ એક કિલો દાળ અથવા ચણા અથવા કઠોળ

Ans.(A) 1 અને 2 (B) ફકત 1
(C) ફકત 2 (D) બેમાંથી એકપણ નહિ **(D)**

9. 30 જૂન 2020ના રોજ ભારતમાં 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'ને નવેમ્બર 2020 સુધી લંબાવવામાં આવી છે....આ માટે કેન્દ્ર સરકારને વધારાનો કેટલો ખર્ચ થશે ?
(A) રૂ. 60,000 કરોડ (B) રૂ. 90,000 કરોડ
(C) રૂ. 1,50,000 કરોડ (D) રૂ. 80,000 કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતના કયા પ્રોજેકટમાંથી ચીનની કંપનીઓ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે ?
(A) હાઈડ્રો પ્રોજેકટ (B) હાઈવે પ્રોજેકટ
(C) હાઈડ્રોજન પ્રોજેકટ (D) નેનો પ્રોજેકટ **(B)**

11. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2020' રિપોર્ટ અનુસાર લિંગ પરીક્ષણને કારણે ભારતમાં દર વર્ષે કેટલી છોકરીઓના મૃત્યુ થાય છે ?
(A) 2.6 કરોડ (B) 3.6 કરોડ
(C) 4.6 કરોડ (D) 5.6 કરોડ **(C)**

12. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2020' રિપોર્ટ અનુસાર ભારતમાં 5 વર્ષથીઓછી ઉંમરની છોકરીઓમાં મૃત્યુ દરનું પ્રમાણ કેટલું છે ?
(A) 7 : 1 (B) 8 : 1 (C) 9 : 1 (D) 10 : 1 **(C)**

03 JULY, 2020 FRIDAY

## ➤ ભારતીય રેલવેના ખાનગીકરણનો પ્રારંભ, ભારતમાં વર્ષ 2023થી પ્રાઈવેટ પેસેન્જર ટ્રેનો દોડશે



ભારતીય રેલવે દ્વારા ભારતમાં પેસેન્જર ટ્રેનોના સંચાલન માટે પ્રથમ વખત પ્રાઈવેટ કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

- આ અંતર્ગત ભારતમાં 109 રૂટ પર 151 પેસેન્જર ટ્રેનોનું સંચાલન કરવા માટે પ્રાઈવેટ કંપનીઓને તેમની ઓફર રજૂ કરવા જણાવવામાં આવ્યું છે.
- સરકારના આ નિર્ણયથી ભારતીય રેલવેને રૂ. 30,000 કરોડનું રોકાણ મળવાની આશા છે.

### આ નિર્ણયની વિશેષતા

ભારતમાં 'તેજસ એક્સપ્રેસ'ની તર્જ પર આ 151 ખાનગી ટ્રેનો દોડાવવામાં આવશે.

- તેની ઝડપ 160 કિમી પ્રતિ કલાક સુધીની હશે.
- આ ટ્રેનોમાંથી મોટા ભાગની આધુનિક ટ્રેનોનું નિર્માણ 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત ભારતમાં જ કરાશે.
- વર્ષ 2023થી ભારતમાં આ ખાનગી ટ્રેનો દોડવા લાગશે.
- જોકે, તેનાં ભાડાં ભારતીય રેલવે દ્વારા નક્કી કરવામાં આવશે.
- પેસેન્જર ટ્રેનના સંચાલન ઉપરાંત તેના મેન્ટેનન્સ, ખરીદી અને ટ્રાન્સપોર્ટેશનની જવાબદારી જે તે કંપનીની રહેશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ભારતીય રેલવે દ્વારા પેસેન્જર ટ્રેન ચલાવવા માટે ખાનગી મૂડીરોકાણ મેળવવા કરવામાં આવેલો આ પ્રથમ પ્રયાસ છે.

(2) ભારતમાં એડવાન્સ ટેક્નોલોજી ધરાવતી પેસેન્જર ટ્રેનો દોડાવવા માટે ખાનગી કંપનીઓને તેમાં પ્રવેશ આપવામાં આવ્યો છે.

(3) ભારતીય રેલવે એશિયાની સૌથી જૂની રેલવે છે. અને તે વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટું રેલવે નેટવર્ક ધરાવે છે.

## ➤ ભારતમાં રૂ. 38,900 કરોડના ખર્ચે 21 મિગ વિમાન સહિત અન્ય સરંજામ ખરીદવા મંજૂરી



2 જુલાઈ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી Defence Aquisition Council (DAC)ની બેઠકમાં રૂ. 38,900 કરોડના સંરક્ષણ સરંજામની ખરીદીને મંજૂરી આપવામાં આવી છે.

- ભારતમાં 'આત્મનિર્ભર ભારત' અભિયાનને પ્રોત્સાહન આપવા માટે કુલ રૂ. 38,900 કરોડની આ સંરક્ષણ ખરીદીમાંથી આશરે રૂ. 31,130 કરોડની સૈન્ય સામગ્રી ભારતીય ઉદ્યોગો પાસેથી જ ખરીદવામાં આવશે.
- સરકારના આ નિર્ણય અનુસાર :

(1) રશિયા પાસેથી 21 નવા મિગ-29 વિમાન ખરીદવામાં આવશે. આ ઉપરાંત ભારત પાસે હાલ ઉપલબ્ધ 59 જેટલા તમામ મિગ-29 વિમાનને અપગ્રેડ કરવામાં આવશે. આ માટે રૂ. 7,418 કરોડનો ખર્ચ થશે.

(2) ભારત સરકારની માલિકીની કંપની 'હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ' (HAL) પાસેથી રૂ. 10,730 કરોડના ખર્ચે 12 જેટલા સુખોઈ SU-30 MKI વિમાન ખરીદવામાં આવશે.

(3) આ ઉપરાંત ભારતમાંથી રૂ. 20,400 કરોડના ખર્ચે પિનાકા મિસાઈલ સિસ્ટમ તેમજ અસ્ત્ર મિસાઈલ સહિત અન્ય સરંજામ ખરીદવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી
દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે
ICE DAILY doseના Questions ડાઉનલોડ કરવા અહીં કલિક કરો



- ભારતમાં DRDO દ્વારા વિકસાવવામાં આવેલી પિનાકા એ Guided Rocket System છે.
- જ્યારે હવાથી હવામાં (Air to Air) પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલ (Astra Missile) પણ DRDO દ્વારા જ વિકસાવવામાં આવી છે.
- આ અસ્ત્ર મિસાઈલથી ભારતની એરફોર્સ અને નેવીની પ્રહાર ક્ષમતામાં વધારો થશે.
- આ ઉપરાંત ભારતની સેના માટે 1000 કિમીની મારકક્ષમતા ધરાવતી Long Range Land Attack Cruise Missile Systems (LRLACM) પણ વિકસાવવામાં આવશે.

**નોંધ :** (1) તાજેતરમાં ચાલી રહેલા ભારત–ચીન સરહદ વિવાદ દરમિયાન ભારતીય સેનાની પ્રહાર ક્ષમતા વધારવા માટે આ ખરીદી ખૂબ જ ઉપયોગી છે.

(2) DAC સંરક્ષણ ખરીદી સંબંધી નિર્ણય કરતી ભારતની સર્વોચ્ચ સંસ્થા છે. ભારતના સંરક્ષણ મંત્રી તેના અધ્યક્ષ હોય છે.

## ➤ ભારતમાં 'ડ્રગ ડિસ્કવરી હેકાથોન 2020' (DDH-2020)નો પ્રારંભ

2 જુલાઈ 2020ના રોજ ભારતમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. હર્ષવર્ધન અને કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક'ની ઉપસ્થિતિમાં 'ડ્રગ ડિસ્કવરી હેકાથોન 2020'નો શુભારંભ કરવામાં આવ્યો છે.

- ભારતમાં દવા શોધવાની પ્રક્રિયામાં મદદ કરવા માટે લોન્ચ કરવામાં આવેલી આ પ્રકારની આ પ્રથમ રાષ્ટ્રીય પહેલ છે.
- આ હેકાથોન અંતર્ગત કોમ્પ્યુટર વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ફાર્મસી, મેડિકલ સાયન્સ, બાયો ટેક્નોલોજી વગેરે જેવા વિવિધ ક્ષેત્રોના વિદ્યાર્થીઓ, સંશોધકો, શિક્ષકો અને પ્રોફેશનલો ભાગ લેશે.
- અને આ હેકાથોન માટે અત્યાર સુધીમાં તૈયાર કરવામાં આવેલી 29 જેટલી સમસ્યાઓનો ઉકેલ શોધશે.
- આ Drug Discovery Hackathon એ ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના Innovation Cell (MIC), All India Council for Technical Education (AICTE) અને Council of Scientific and Industrial Research (CSIR)ની એક સંયુક્ત પહેલ છે.

**નોંધ :** આ હેકાથોન માટે 'My Gov' પોર્ટલનો ઉપયોગ કરવામાં આવી રહયો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

1. ભારતીય રેલવે દ્વારા ભારતના કેટલા રૂટ પર પેસેન્જર ટ્રેનોનું સંચાલન કરવા માટે ખાનગી કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે ?
(A) 101 (B) 106 (C) 109 (D) 151 **(C)**

2. ભારતીય રેલવે દ્વારા ભારતના 109 રૂટ પર કેટલી પેસેન્જર ટ્રેનોના સંચાલન માટે પ્રાઈવેટ કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે ?
(A) 150 (B) 151 (C) 159 (D) 161 **(B)**

3. ભારતીય રેલવે દ્વારા ભારતમાં ક્યાં સુધીમાં ખાનગી કંપનીઓ દ્વારા 151 જેટલી પેસેન્જર ટ્રેનોનું સંચાલન શરૂ કરવામાં આવશે ?
(A) 2021 (B) 2022 (C) 2023 (D) 2025 **(C)**

4. ભારતમાં કઈ ટ્રેનની તર્જ પર 151 જેટલી ખાનગી ટ્રેનો દોડાવવામાં આવશે ?
(A) વંદેભારત એક્સપ્રેસ (B) વંદેમાતરમ્ એક્સપ્રેસ
(C) Train 18 (D) તેજસ એક્સપ્રેસ **(D)**

5. 2 જુલાઈ 2020ના રોજ ભારતમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી DACની બેઠકમાં કુલ કેટલા રૂપિયાની સંરક્ષણ ખરીદીને મંજૂરી આપવામાં આવી છે ?
(A) 36,900 કરોડ (B) 37,900 કરોડ
(C) 38,900 કરોડ (D) 39,900 કરોડ **(C)**

6. 2 જુલાઈ 2020ના રોજ ભારતમાં કુલ 38,900 કરોડ રૂપિયાની સંરક્ષણ ખરીદીને મંજૂરી આપવામાં આવી છે...તેમાંથી ભારતીય ઉદ્યોગો પાસેથી કેટલા રૂપિયાની ખરીદી કરવામાં આવશે ?
(A) 30,130 કરોડ (B) 31,130 કરોડ
(C) 32,130 કરોડ (D) 33,130 કરોડ **(B)**

7. 2 જુલાઈ 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલા નવા મિગ-29 વિમાન ખરીદવા માટે મંજૂરી આપવામાં આવી છે ?
(A) 12 (B) 21 (C) 41 (D) 59 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. 2 જુલાઈ 2020ના રોજ ભારતમાં DAC દ્વારા ભારતની હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL) પાસેથી કયા નવા 12 વિમાન ખરીદવા માટે મંજૂરી આપવામાં આવી છે ?
(A) Tejas (B) Mirage 2000 (C) Rafale (D) Su-30MKI **(D)**

9. 2 જુલાઈ, 2020ના રોજ ભારતમાં અસ્ત્ર મિસાઈલની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી છે. આ અસ્ત્ર મિસાઈલના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ભારતમાં DRDO દ્વારા આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.
2. આ મિસાઈલ Air to Air (હવાથી હવામાં) પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

10. ભારતમાં દવા શોધવાની પ્રક્રિયામાં મદદ કરવા માટે પ્રથમ રાષ્ટ્રીય પહેલ તરીકે કઈ હેકાથોન લોન્ચ કરવામાં આવી છે ?
(A) ડ્રગ ઈન્ડિયા હેકાથોન 2020 (B) ડ્રગ રિસર્ચ હેકાથોન 2020
(C) ડ્રગ ડિસ્કવરી હેકાથોન 2020 (D) ડ્રગ પ્રોસેસિંગ હેકાથોન 2020 **(C)**

11. ભારતમાં તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી 'ડ્રગ ડિસ્કવરી હેકાથોન 2020' કોની પહેલ છે ?
(A) માનવ સંસાધન વિકાસ મંત્રાલયના ઈનોવેશન સેલ (MIC)
(B) ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (AICTE)
(C) કાઉન્સિલ ઓફ સાઈન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ
YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**04 JULY, 2020 SATURDAY**

## ➤ છેલ્લા બે વર્ષમાં ભારતની ચીન સાથેની વેપાર ખાધમાં ઘટાડો

નાણાકીય વર્ષ 2017-18 દરમિયાન ભારતની ચીન સાથેની વેપાર ખોટ (Trade Deficit) 63 બિલિયન ડોલર હતી.

- જોકે છેલ્લા બે વર્ષોમાં ભારતની ચીન સાથેની વેપાર ખાધમાં ઘટાડો જોવા મળ્યો છે.
- આ અંતર્ગત વર્ષ 2018-19માં ભારતની ચીન સાથેની વેપાર ખોટ 53.56 બિલિયન ડોલર હતી.
- જ્યારે વર્ષ 2019-20માં તે ઘટીને 48.66 બિલિયન ડોલર થઈ ગઈ છે.
- નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારત દ્વારા ચીનને 16.6 બિલિયન ડોલરની નિકાસ કરવામાં આવી હતી, જ્યારે ભારતે ચીન પાસેથી 65.26 બિલિયન ડોલરની આયાત કરી હતી.
- આથી, વર્ષ 2019-20 દરમિયાન ચીન સાથેની ભારતની વેપાર ખાધ 48.66 બિલિયન ડોલર નોંધાઈ હતી.

**નોંધ :** આ ઉપરાંત નાણાકીય વર્ષ 2018-19માં ચીન દ્વારા ભારતમાં 229 મિલિયન ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment-FDI) થયું હતું. જે ઘટીને વર્ષ 2019-20માં 163.78 મિલિયન ડોલર થઈ ગયું છે.

## ➤ ભારતીય રેલવે દ્વારા ભારતની અત્યાર સુધીની સૌથી લાંબી 'શેષનાગ ટ્રેન' દોડાવીને વિક્રમ સર્જવામાં આવ્યો



2 જુલાઈ 2020ના રોજ ભારતીય રેલવે દ્વારા 'શેષનાગ ટ્રેન' નામની 2.8 કિમી લાંબી માલગાડી સફળતાપૂર્વક દોડાવવામાં આવી છે.

- જે ભારતમાં દોડાવવામાં આવેલી અત્યાર સુધીની સૌથી લાંબી ટ્રેન છે.
- આ ટ્રેનમાં એક સાથે 4 ઈલેક્ટ્રિક એન્જિનનો ઉપયોગ કરીને એક સાથે 251 વેગન જોડવામાં આવ્યા હતા. આ ટ્રેન ભારતમાં દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના નાગપુર ડિવિઝનથી કોરબા વચ્ચે દોડાવવામાં આવી હતી.

## 'સુપર એનાકોંડા'નો રેકોર્ડ તોડયો

ભારતમાં આ અગાઉ 1 જુલાઈ, 2020ના રોજ **'સુપર એનાકોંડા'** નામની **2 કિલોમીટર** લાંબી એક ટ્રેન દોડાવવામાં આવી હતી.

- **ઓડિશાના લાજકુરા અને રાઉરકેલા** વચ્ચે દોડાવવામાં આવેલી આ ટ્રેનમાં 3 ઈલેકિટ્રક એન્જિન અને **177 વેગન** જોડવામાં આવ્યા હતા.
- જોકે, તેના એક દિવસ બાદ એટલે કે 2 જુલાઈ, 2020ના રોજ **'શેષનાગ ટ્રેને' 'સુપર એનાકોંડા'** નામની ટ્રેનનો આ રેકોર્ડ તોડી નાખ્યો છે.

## ➤ ભારતીય રેલવે દ્વારા તેની તમામ પેસેન્જર ટ્રેન સમયસર દોડાવવાનો રેકોર્ડ નોંધાયો

1 જુલાઈ 2020ના રોજ ભારતીય રેલવે દ્વારા 24 કલાકમાં કુલ **201 પેસેન્જર ટ્રેન** દોડાવવામાં આવી હતી.

- અને તમામ 201 પેસેન્જર ટ્રેન તેના નિયત સ્ટેશને **સમયસર** પહોંચી હતી.
- આ તમામ 201 ટ્રેનમાંથી એક પણ ટ્રેન **લેટ થઈ ન હતી.**
- ભારતીય રેલવેના આશરે 167 વર્ષના ઈતિહાસમાં બનેલી આ પ્રથમ ઘટના છે કે, જેમાં કોઈ એક દિવસમાં ભારતની તમામ ટ્રેનો સમયસર પહોંચી હોય.

ICE COMPETITIVE EXAMS INSTITUTE ®

## ➤ ઉત્તરપ્રદેશમાં કુખ્યાત હિસ્ટ્રીશીટર વિકાસ દુબે સાથેની અથડામણમાં DSP સહિત 8 પોલીસ જવાન શહીદ

3 જુલાઈ 2020ના રોજ **ઉત્તરપ્રદેશ**ના **કાનપુર** જિલ્લાના **ચૌબેપુર** પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા **બિકરુ** નામના **ગામ**માં પોલીસ જવાનો અને અપરાધીઓ વચ્ચે એક અથામણ સર્જાઈ હતી.

- આ અથડામણમાં ઉત્તરપ્રદેશના કુખ્યાત અપરાધી વિકાસ દુબે અને તેના સાગરિતો દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો.
- જેમાં **DSP શ્રી દેવેન્દ્ર મિશ્રા** સહિત 8 પોલીસ જવાનો શહીદ થયા હતા.
- આ ઘટના બાદ ફરાર થઈ ગયેલો વિકાસ દુબે 9 જુલાઈ 2020ના રોજ **મધ્યપ્રદેશ**ના **ઉજ્જૈન**થી પકડાઈ ગયો હતો.
- ત્યારબાદ 10 જુલાઈ 2020ના રોજ **ઉત્તરપ્રદેશ**ના **કાનપુર** પાસે આવેલા **સાચેન્દી**માં થયેલા એન્કાઉન્ટરમાં વિકાસ દુબેનું મૃત્યુ થયું હતું.

## ICE Questions

1. નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ચીન સાથેના વેપારમાં ભારતની વેપાર ખાધ કેટલી નોંધાઈ છે ?
(A) 42.66 બિલિયન ડોલર (B) 44.66 બિલિયન ડોલર
(C) 46.66 બિલિયન ડોલર (D) 48.66 બિલિયન ડોલર **(D)**

2. 2 જુલાઈ 2020ના રોજ ભારતીય રેલવે દ્વારા ભારતની અત્યાર સુધીની સૌથી લાંબી કઈ ટ્રેન દોડાવવામાં આવી હતી ?
(A) સુપર એનાકોંડા (B) નાગેશ્વર (C) શેષનાગ (D) નાગદમન **(C)**

3. 2 જુલાઈ 2020ના રોજ ભારતીય રેલવે દ્વારા ભારતની અત્યાર સુધીની સૌથી લાંબી શેષનાગ ટ્રેન દોડાવવામાં આવી હતી...આ ટ્રેનની લંબાઈ કેટલી હતી ?
(A) 1.8 કિમી. (B) 2.4 કિમી. (C) 2.6 કિમી. (D) 2.8 કિમી. **(D)**

4. ભારતમાં દોડાવવામાં આવેલી અત્યાર સુધીની સૌથી લાંબી શેષનાગ ટ્રેનમાં કેટલા વેગન જોડવામાં આવ્યા હતા ?
(A) 151 (B) 225 (C) 251 (D) 280 **(C)**

5. ભારતમાં દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના નાગપુર ડિવિઝનથી કયા સ્થળ વચ્ચે ભારતની અત્યાર સુધીની સૌથી લાંબી શેષનાગ ટ્રેન દોડાવવામાં આવી હતી ?
(A) કોયલા (B) કોચરબ (C) કોરબા (D) કોચીન **(C)**

6. તાજેતરમાં ભારતમાં કયા દિવસે ભારતીય રેલવે દ્વારા તેની તમામ પેસેન્જર ટ્રેન સમયસર દોડાવવામાં આવી હતી ?
(A) 1 જૂન (B) 1 જુલાઈ (C) 2 જુલાઈ (D) 3 જુલાઈ **(B)**

7. 1 જુલાઈ 2020ના રોજ ભારતીય રેલવે દ્વારા તેની કેટલી તમામ પેસેન્જર ટ્રેન સમયસર દોડાવવામાં આવી હતી ?
(A) 180 (B) 201 (C) 211 (D) 251 **(B)**

8. તાજેતરમાં ઉત્તરપ્રદેશના કયા ગામમાં વિકાસ દુબે સાથે થયેલી અથડામણમાં DSP સહિત 8 પોલીસ જવાનો શહીદ થયા હતા ?
(A) કોરબા, જિ. કાનપુર (B) બિકરુ, જિ. કાનપુર
(C) રુડોલી, જિ. કાનપુર (D) સિજૌન, જિ. કાનપુર **(B)**

9. 10 જુલાઈ 2020ના રોજ કઈ જગ્યાએ થયેલા એન્કાઉન્ટરમાં કુખ્યાત હિસ્ટ્રીશીટર વિકાસ દુબે માર્યો ગયો હતો ?
(A) સાચેન્દી, કાનપુર (B) મીરાંમાર, કાનપુર
(C) જૌનાબાદ, કાનપુર (D) સીનજોન, કાનપુર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે પ્રો. હિમાંશુ પંડયાની ફરીથી નિમણૂક

ગુજરાતની સૌથી જૂની અને સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે પ્રોફેસર હિમાંશુ પંડયાનો કાર્યકાળ 17 મે 2020ના રોજ સમાપ્ત થઈ ગયો હતો. જોકે, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે પ્રો. હિમાંશુ પંડયાની ફરીથી 3 વર્ષની મુદત માટે નિમણૂક કરવામાં આવી છે.

### ➤ ઝાયડસ કેડિલાને કોરોનાની વેક્સિનની માનવી પર ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી

તાજેતરમાં DGCI દ્વારા ગુજરાતની ફાર્મા કંપની ઝાયડસ કેડિલાને કોરોનાની વેક્સિનની હ્યુમન ટ્રાયલને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ ઝાયડસ કેડિલા કોરોના વેક્સિન માટે હ્યુમન ટ્રાયલની મંજૂરી મેળવનાર ભારત બાયોટેક બાદ ભારતની બીજી અને ગુજરાતની પ્રથમ ફાર્મા કંપની બની ગઈ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ HDFC Bank દ્વારા 'ઈ-કિસાન ધન' એપ લોન્ચ

HDFC Bank દ્વારા ભારતના ખેડૂતો માટે 'ઈ-કિસાન ધન' નામની એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે. આ એપની મદદથી ખેડૂતો બેન્કિંગ અને કૃષિ એમ બંને સેવાઓ એક સાથે મેળવી શકશે. જેમાં કૃષિ સંબંધિત સેવાઓમાં કૃષિ બજારમાં વિવિધ નીપજના ભાવ, હવામાનની આગાહી, કૃષિ સંબંધિત નવી માહિતી વગેરેનો સમાવેશ થાય છે.

## ➤ ભારતમાં હવે 65 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે

ભારતમાં કેન્દ્ર સરકારના કાયદા અને ન્યાય મંત્રાલયે ભારતની લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં પોસ્ટલ બેલેટથી મતદાનની ઉંમરમાં ઘટાડો કર્યો છે. આથી, ભારતમાં હવે 65 વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો ભારતની લોકસભા તથા વિધાનસભાની ચૂંટણીમાં ઘેર બેઠા જ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. આ અગાઉ ભારતમાં દિવ્યાંગો તેમજ 80 વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકતા હતા.

# વિશ્વ

## ➤ પાકિસ્તાનના કરાચી ખાતે આવેલા સ્ટોક એક્સચેન્જ પર થયેલા આતંકી હુમલામાં 11 લોકોનાં મોત

29 જૂન 2020ના રોજ પાકિસ્તાનના કરાચી ખાતે આવેલા પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ (PSX) પર એક આતંકી હુમલો થયો હતો. બલુચિસ્તાન લિબરેશન આર્મીના આતંકીઓ દ્વારા થયેલા આ આતંકી હુમલામાં 4 આતંકી સહિત 11 લોકોનાં મોત થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મ્યાનમારમાં જેમ સ્ટોનની ખાણ ધસી પડતાં 162 ખાણિયાનાં મોત

તાજેતરમાં મ્યાનમારમાં પડેલા અતિભારે વરસાદના કારણે જેમ સ્ટોનની ખાણમાં ભૂસ્ખલન થતાં 162 ખાણિયાઓના મોત થયા છે. મ્યાનમારના કાચીન સ્ટેટમાં આવેલા પકાન્ત શહેરની નજીકમાં આવેલી પર્વતમાળામાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

ICE ? Questions

➤ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે કોની ફરીથી નિમણૂક કરવામાં આવી છે ?

– પ્રો. હિમાંશુ પંડયા

➤ ગુજરાતની કઈ ફાર્મા કંપનીને કોરોનાની વેક્સિનની હ્યુમન ટ્રાયલની મંજૂરી મળી છે ?

– ઝાયડસ કેડિલા અથવા કેડિલા હેલ્થકેર

➤ ભારતમાં સૌપ્રથમ ભારત બાયોટેક બાદ ભારતની કઈ બીજી ફાર્મા કંપનીને કોરોનાની વેક્સિનની હ્યુમન ટ્રાયલની મંજૂરી મળી છે ? – ઝાયડસ કેડિલા અથવા કેડિલા હેલ્થકેર

➤ ભારતની કઈ બેન્ક દ્વારા ખેડૂતો માટે 'ઈ–કિસાન ધન' નામની મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ? – HDFC Bank

➤ HDFC Bank દ્વારા તાજેતરમાં ખેડૂતો માટે કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?

– 'ઈ–કિસાન ધન'

➤ ભારતમાં હવે કેટલા વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે ? – 65 વર્ષ

➤ 29 જૂન 2020ના રોજ પાકિસ્તાનના કયા શહેરમાં આવેલા 'પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ' પર થયેલા આતંકી હુમલામાં 11 લોકોના મોત થયા હતા ? – કરાચી

➤ કયા દેશમાં જેમ સ્ટોનની ખાણ ધસી પડતાં આશરે 162 ખાણિયાનાં મોત થયા છે ?

– મ્યાનમાર

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. SBI દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર કોરોના લોકડાઉનને કારણે ભારતમાં પ્રતિ વ્યક્તિ આવકમાં કેટલા ટકાનો ઘટાડો થવાની સંભાવના છે ? – 5.4 ટકા
2. ભારતના કયા રાજ્યમાં 'પ્રજ્ઞાન ભારતી યોજના' શરૂ કરવામાં આવી છે ? – આસામ
3. તાજેતરમાં ભારત બહાર વિશ્વના કયા દેશમાં પ્રથમ યોગ યુનિવર્સિટીનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે ? – અમેરિકા (અમેરિકના લોસ એન્જેલસમાં)
4. ભારતીય રેલવે દ્વારા કયાં સુધી તમામ ટ્રેનો રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 12 ઓગસ્ટ
5. વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત મનાતા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં નામાંકિત થનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ કઈ છે ? – હેલ્લારો
(ફિલ્મ ડિરેકટર શ્રી અભિષેક શાહ દ્વારા નિર્માણ પામેલી 'હેલ્લારો' વર્ષ 2019માં રિલિઝ થયેલી પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ છે. સુશ્રી શ્રદ્ધા ડાંગર આ ફિલ્મના મુખ્ય અભિનેત્રી છે.)
6. તાજેતરમાં અમેરિકાના કયા વિસ્તારને અમેરિકાના નવા 51મા રાજ્ય તરીકેનો દરજ્જો આપવા મતદાન થયું છે ? – વોશિંગ્ટન ડિ.સી.
(અમેરિકાની સંસદમાં થયેલા મતદાનમાં અમેરિકાની સંસદના 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ' નામના ગૃહમાં આ માટે મંજૂરી મળી ગઈ છે. જોકે અમેરિકાની સંસદના 'સેનેટ' નામના બીજા ગૃહમાં આ અંગે મતદાન બાકી છે.)
7. ભારતના પ્રસિદ્ધ યુવા અભિનેતા શ્રી સુશાંતસિંહ રાજપૂતની યાદમાં તેમના પરિવારે ભારતના સિનેમા, સાયન્સ અને સ્પોર્ટ્સમાં પ્રતિભા ધરાવતા યુવાનોને સહયોગ આપવા માટે કયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ફાઉન્ડેશનની રચના કરવાની જાહેરાત કરી છે ? – સુશાંતસિંહ રાજપૂત ફાઉન્ડેશન

8. પોતાના દેશના એક ઉચ્ચ જનરલના મોત બદલ કયા દેશ દ્વારા અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ સામે અરેસ્ટ વોરંટ જારી કરવામાં આવ્યું છે ? – ઈરાન

(ઈરાનના ટોપ જનરલ કાસિમ સુલેમાનીની હત્યા માટે દોષી ઠેરવીને અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ સહિત ઈરાને 30થી વધુ લોકો સામે અરેસ્ટ વોરંટ જારી કર્યું છે.)

9. તાજેતરમાં જૂન 2020 દરમિયાન કયા દેશ દ્વારા અમેરિકાના કર્મચારીઓના વિઝા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – ચીન

(આ અગાઉ અમેરિકાએ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના અધિકારીઓ પર વિઝા પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી. આથી તેની પ્રતિક્રિયા રૂપે ચીને આ પ્રતિબંધ મૂકયો છે.)

10. ICC અથવા તો 'ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ'ના અધ્યક્ષ પદેથી તાજેતરમાં કયા ભારતીય વ્યકિતએ રાજીનામું આપવાની જાહેરાત કરી છે ? – શ્રી શશાંક મનોહર

11. ભારતમાં 'રાષ્ટ્રીય ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ દિવસ' (National Chartered Accountants Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 1 જુલાઈ

(ભારતમાં 'રાષ્ટ્રીય ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ દિવસ' ઉપરાંત 'રાષ્ટ્રીય ડોકટર દિવસ' પણ દર વર્ષે 1 જુલાઈના રોજ ઉજવાય છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં વિશ્વના મહાન બેટ્સમેન સર એવરટન વિકસનું 95 વર્ષની વયે નિધન થયું છે...તેમના દેશનું નામ શું છે ? – વેસ્ટ ઈન્ડિઝ

13. ગુજરાતમાં 5 વર્ષથી ઓછી સજાના કેસની તપાસ કરવાની સત્તા હવે કોને આપવામાં આવી છે ? – પાંચ વર્ષના અનુભવી બિનહથિયારધારી કોન્સ્ટેબલ

14. ગુજરાતમાં હવે પાંચ વર્ષના અનુભવી બિનહથિયારધારી કોન્સ્ટેબલોને કયા કેસની તપાસ કરવાની સત્તા આપવામાં આવી છે ? – 5 વર્ષથી ઓછી સજાના કેસો

15. ભારતની સૌથી મોટી પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)ના નવા ચેરમેન તરીકે તાજેતરમાં કોણે પદભાર સંભાળ્યો છે ? – શ્રી શ્રીકાંત માધવ વૈદ્ય

**16.** ભારતની 'નમામિ ગંગે યોજના' માટે વિશ્વની કઈ સંસ્થા દ્વારા રૂ. 45 અબજની લોન અથવા તો ફંડ આપવામાં આવ્યું છે ? – વર્લ્ડ બેન્ક

**17.** તાજેતરમાં ભારત સરકારના કયા હેલ્પડેસ્કને બે શ્રેણીમાં Cogx-2020 પુરસ્કાર મળ્યો છે ? – MyGov કોરોના હેલ્પડેક્સ

**18.** ભારતમાં કયા એકટમાં સંશોધન માટે કેન્દ્ર સરકારે 'વીજળી (સંશોધન) વિધેયક, 2020' ભારતની સંસદમાં રજૂ કર્યું છે ? – વીજળી એકટ 2003

**19.** 29 જૂન 2020ના રોજ કયા દેશે પાકિસ્તાનથી આવતી તમામ ફલાઈટો પર પ્રતિબંધ મૂકી દીધો છે ? – UAE (યુનાઈટેડ આરબ અમિરાત)

(પાકિસ્તાનમાં કોરોના સંક્રમણના વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને UAE દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે.)

**20.** ભારતના કયા રાજ્યની સરકારે કેન્દ્ર સરકારના CISFની તર્જ પર 'વિશેષ સુરક્ષા દળ'ની રચના કરવાનો નિર્ણય કર્યો છે ? – ઉત્તરપ્રદેશ

(CISFનું પૂરુંનામ Central Industrial Security Force છે.)

**21.** કુપોષણ તથા માતૃ મૃત્યુ દર ઘટાડવા માટે ભારતના કયા રાજ્યમાં 'મુખ્યમંત્રી માતૃ પુષ્ટિ ઉપહાર યોજના' શરૂ કરવામાં આવી છે ? – ત્રિપુરા

**22.** ભારતમાં કેન્દ્ર સરકારે COVID-19ના ગંભીર દર્દીઓની સારવાર માટે તાજેતરમાં કઈ દવાના ઉપયોગને મંજૂરી આપી છે ? – ડેકસામેથાસોન

**23.** ભારતના કયા રાજ્યમાં વિશ્વના સૌથી મોટા પ્લાઝમા થેરાપી સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે ? – મહારાષ્ટ્ર

**24.** ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રી દ્વારા વૃક્ષારોપણ માટેના 'હરીથા હરમ' કાર્યક્રમના છઠ્ઠા ચરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

– તેલંગાણા (ના મુખ્યમંત્રી શ્રી કે. ચંદ્રશેખર રાવ દ્વારા)

**25.** ભારતના કયા રાજ્યના સહારનપુરમાં 50 લાખ જૂના સ્ટેગોડન પ્રજાતિના હાથીઓના

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

અવશેષો મળી આવ્યા છે ? – ઉત્તરપ્રદેશ

26. કયા દેશમાંથી ચીનમાં નિકાસ થતા સામાન પર ચીને 97 ટકા ટેરિફ છૂટની જાહેરાત કરી છે ?

–બાંગ્લાદેશ

27. કોરોના મહામારીનો સામનો કરવા માટે તથા જરૂરિયાતમંદ લોકોની સહાયતા માટે ભારત અને કયા દેશ વચ્ચે 200 લાખ યૂરોના કરાર થયા છે ? – ફ્રાન્સ

28. ઈન્ટરનેશનલ બુદ્ધિષ્ટ કોન્ફેડરેશન (IBC) દ્વારા ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયની ભાગીદારીમાં 4 જુલાઈ 2020ને અષાઢી પૂનમના રોજ ભારતમાં 'ધર્મ ચક્ર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી....આ માટેના સમારોહનું ઉદઘાટન કોણે કર્યું હતું ?

– શ્રી રામનાથ કોવિંદ

29. ભારતના કયા યુવા અમ્પાયરને વર્ષ 2020-21 માટે ICCના અમ્પાયરોની એલીટ પેનલમાં શામેલ કરવામાં આવ્યા છે ? – શ્રી નિતિન મેનન

(શ્રી નિતિન મેનન ICCની એલીટ પેનલમાં શામેલ થનાર શ્રી નિવાસ વેંકટરાઘવન અને શ્રી સુંદર રવિ બાદ ભારતના અત્યાર સુધીના ત્રીજા અમ્પાયર છે.)

30. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'NADA App' નામની એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ? – રમત ગમત મંત્રાલય

(ભારતમાં ખેલાડીઓને આ એપની મદદથી પ્રતિબંધિત દવાઓ વિશે માહિતી ઉપલબ્ધ થશે. જેથી તેઓ ડોપિંગ ટેસ્ટમાં પાસ થઈ શકે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT